જિલ્લાના ગ્રામિણ વિસ્તારમાં વધુ એક કેસ

ઈટાદરાના ૬૦ વર્ષીય વૃદ્ધને કોરોના પોઝીટીવ આવતા ગાંધીનગર સીવીલ હોસ્પિટલમાં દાખલ : જ્યારે ભાટની યુવતીને અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી છે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ બે કેસ કોરોનાના પોઝીટીવ નોંધાયા છે. પરંતુ ભાટની ૨૦ વર્ષીય યુવતી અમદાવાદ સીવીલમાં દાખલ કરાતા તેની નોંધણી અમદાવાદમાં ગણાઈ છે. જ્યારે માણસાના ઈટાદરા ગામના ૬૦ વર્ષીય વૃદ્ધ ગાંધીનગર સીવીલ હોસ્પિટલમાં દાખલ કરાતા તેની નોંધ ગાંધીનગર ખાતે કરાતા હવે જિલ્લાના કેસની સંખ્યા ૧૮ પર પહોંચી છે.

જિલ્લાના આરોગ્યતંત્રની દોડધામ વધી જવા પામી છે. આ બે કેસ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૭ પર પહોંચી છે. જ્યારે જિલ્લાના કુલ કેસ ૧૮ થયા છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના ભાટ ગામની ૨૦ વર્ષીય યુવતીને કોરોના પોઝીટીવ જણાતાં તેણીનીને સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગરીબ પરિવારની આ યુવતી છેલ્લા ઘણા સમયથી બિમાર હતી અને છેલ્લે તેણે બે ખાનગી દવાખાનાઓમાં સારવાર માટે ગઈ હોવાનું જાણવા મળેલ છે. તેણીનીને સારવાર માટે અમદાવાદ સિવિલમાં લઈ જવાઈ હતી ત્યાં કોરોનાનો ટેસ્ટ પોઝીટીવ આવ્યો છે.

આજે સવારથી આરોગ્યતંત્રની ટીમોએ ભાટ ખાતે જરૂરી પગલાં હાથ ધરી દીધા છે. મળેલા અહેવાલો પ્રમાણે આ યુવતીના સંપર્કમાં આવેલ ૧૫ જેટલી વ્યક્તીઓને ફેસેલીટી ક્વોરોન્ટાઈન સેન્ટર કોબા ખાતે ખસેડવાની કામગીરી ચાલી રહી છે.

બીજો કેસ માણસા તાલુકાના ઈટાદરા ખાતે નોંધાયો છે. ઈટાદરામાં નોંધાયેલ દર્દીની ઉંમર ૬૦ વર્ષ જેટલી છે. આ વૃદ્ધનો રિપોર્ટ ગઈકાલે પોઝીટીવ આવ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે ઈટાદરાના દર્દી હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. તેમને ગઈકાલે રાત્રે જ દાખલ કરવામાં આવ્યા છે.

આ વૃદ્ધનો દિકરો અમરેલીમાં પી.એસ.આઈ. છે. જ્યારે પિતાની ખબર જોવા આવેલ પી.એસ.આઈ. પુત્રને પણ ફેસેલીટી ક્વોરોન્ટાઈનમાં મુકવામાં આવેલ છે.

પ્રવેશદ્વાર પર આરોગ્ય ચકાસણી - ગાંધીનગર શહેરના પ્રવેશદ્વાર સમા ચ-૦ અને ઘ-૦ પાસે પોલીસ અને આરોગ્ય કર્મીઓ દ્વારા મુલાકાતીઓને થર્મલ ટેસ્ટ દ્વારા આરોગ્યની ચકાસણી કરાઈ રહી છે... શહેરમાં ચારેય પ્રવેશ માર્ગો પર કડક ચોકસાઈ રાખવા હુકમો કરાયા છે.

શહેરમાં ૧૧૭ શાકભાજીવાળાની આરોગ્ય ચકાસણી

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આજરોજ ૫૯ જેટલા શાકભાજી વિતરણ કરનાર ફેરિયાઓની આરોગ્યની ચકાસણી કરવામાં આવી છે. અત્યાર સુધીમાં કુલ- ૧૧૭ ફેરિયાઓની આરોગ્યની ચકાસણી કરવામાં આવી છે. તેમજ ગાંધીનગરના સેકટર-૩,૫ અને ૬ માંથી આજે કુલ અંદાજે ૭ ટન જેટલો સુકા પાંદડાનાં કચરાની સફાઈ કરવામાં આવી છે, તેવું ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર શ્રી પી.એસ.દવેએ જણાવ્યું છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર શ્રી પી.એસ.દવેએ જણાવ્યું છે કે, ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં કોરોના વાયરસને ફેલાતો અટકાવવા માટે સક્રિય થઈ સરકારની સૂચનાઓ અનુસાર કામગીરી કરવામાં આવી રહી છે. ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં શાકભાજી વિતરણ કરનાર ફેરિયાઓના આરોગ્યની ચકાસણી કરવાનો આરંભ કરવામાં આવ્યો છે. જેમાં આજદિન સુધી કુલ- ૧૧૭ ફેરિયાઓના આરોગ્યની ચકાસણી કરવામાં આવી છે. આજે તા. ૨૩મી એપ્રિલ,૨૦૨૦ ના રોજ ૫૯ જેટલા શાકભાજી વિતરણ કરનાર ફેરિયાના આરોગ્યની ચકાસણી કરવામાં આવી છે. પાલિકા વિસ્તારમાં તમામ શાકભાજી વિતરણકર્તાઓની આરોગ્ય ચકાસણી ટુંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે.

ગાંધીનગરના સેકટર- ૩,૫ અને ૬ માંથી ૭ ટન જેટલા સુકા પાંદડાના કચરાની સફાઇ કરાઇ : અત્યાર સુધી ૧૭ ટન જેટલા સુકા પાંદડાના કચરાની સફાઇ

વધુમાં તેમણે જણાવ્યું છે કે, લોક ડાઉન દરમ્યાન ગાંધીનગર શહેરના તમામ ઈન્ટર્નલ રસ્તાઓ તથા ફોરેસ્ટ વિસ્તારમાં ઝુંબેશ સ્વરૂપે સફાઈનું કાર્ય થનાર છે. તેમાં આજરોજ સેકટર- ૩,૫ અને ૬ માં આ સફાઈની કામગીરી કરવામાં આવી હતી. જેમાં ૭ ટન જેટલો સુકા પાંદડાઓનો કચરાની સફાઈ કરવામાં આવી હતી. અત્યાર સુધીમાં અંદાજે ૧૭ ટન જેટલો સુકા પાંદડાનાં કચરાની સફાઈ કરવામાં આવી છે.

તેની સાથે ફાયર શાખાના વાહનો દ્વારા અત્યાર સુધીમાં મહાનગરપાલિકા વિસ્તારના દરેક વિસ્તારોને ચેપ મુક્ત કરવા સોડિયમ હાઈપોકલોરાઈટ દ્વારા છંટકાવ કરવામાં આવી રહી છે. મહાનગરપાલિકા વિસ્તારમાં અલગ વાહનોની મદદથી બાયોમેડિકલ વેસ્ટનું કલેકશન કરવામાં આવી રહ્યું છે. જેમાં આજ સુધી એકટ મુજબની પીળા કલરની બેગમાં ૧૪૩૪ કિલોગ્રામથી વધુ, લાલ કલરની બેગમાં ૧૫૦ કિલોગ્રામથી વધુ અને વાદળી કલરની બેગમાં ૨૪ કિલોગ્રામથી વધુ વેસ્ટ એકત્ર કરી નિકાલ કરવામાં આવ્યો છે.

મનપા દ્વારા નવ સ્થાનો પર અપડાઉન કરતા કર્મચારીઓની નોંધ થશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ગાંધીનગર-અમદાવાદ વચ્ચે પોતાના ખાનગી વાહનથી અપડાઉન કરતા કર્મચારીઓની યાદી બનાવવા તેમજ તેમના આરોગ્યની ચકાસણી કરવા માટે નવ જેટલા મહત્વના સ્થાનો પર આ કામગીરી હાથ ધરી છે. ૨૦મી એપ્રિલ પછી સરકારે તેની વિવિધ કચેરીઓમાં ૩૦ ટકા સુધી સ્ટાફને હાજર રાખી કામગીરીનો આરંભ કરવાનો નિર્ણય કર્યો છે.

વૈશ્વિક મહામારી જાહેર થયેલ કોરોનાના સંક્રમણને અટકાવવા માટે અને અમદાવાદને હોટસ્પોટ તરીકે કેન્દ્ર સરકારે જાહેર કરેલ છે. ગાંધીનગર-અમદાવાદ ટ્વીનસીટી તરીકે પણ ઓળખાય છે ત્યારે મનપાતંત્રએ આ મહત્વનો નિર્ણય કર્યો છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે બે દિવસ દરમ્યાન ૧૩૦૦થી પણ વધુ કર્મયોગીઓ અમદાવાદથી ગાંધીનગર આવતા-જતા જણાયા છે. મનપાએ પાંચ જેટલા અધિકારીઓના વડપણ હેઠળ ૧૨ જેટલી ટીમો બનાવી આ અંગેની યાદી તૈયાર કરવાની કામગીરી હાથ ધરી છે.

● અનુસંધાન પાન-૭ પર

પાણીજન્ય રોગચાળા અંગે સતર્ક રહેવા તંત્રને તાકીદ

ગાંધીનગર, તા. ૨૩

રાજ્યના આરોગ્ય મંત્રાલયને ઉનાળાની વધતી જતી ગરમીને ધ્યાને રાખી જિલ્લાના આરોગ્યતંત્રોને એક વિસ્તૃત પત્ર પાઠવી પાણીજન્ય રોગચાળા અંગે સતર્ક રહી અને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા કહ્યુ છે.

રાજ્યના અધિક નિયામક ડૉ. પ્રકાશ વાઘેલાએ જિલ્લાતંત્રોને પાણીજન્ય રોગચાળા સંદર્ભે લેવાના થતા પગલાંઓ અંગે માર્ગદર્શન આપતો એક વિસ્તૃત પત્ર લખ્યો છે.

જેમાં સંચારી રોગની દર માસે નિયમિત બેઠક યોજવા ઉપરાંત કયા પ્રકારની સાવચેતી રાખવી તે વિશે જણાવ્યુ છે. આ પત્રમાં પાણીના ક્લોરીનેશન અંગે પણ તંત્ર દ્વારા જરૂરી સૂચના અને માર્ગદર્શન સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને આપવામાં આવે તેમજ સ્વચ્છતાની જાળવણી થાય તેવા પગલાંઓ ભરવા માટે તાકીદ કરવામાં આવે.

પેયજળનો પુરવઠો સપ્લાય થતો હોય તેવા સ્થળોએ સ્વચ્છતા જળવાઈ રહે તે પણ જોવા આ પત્રમાં આગ્રહ કરવામાં આવ્યો છે.

રાજ્યના કેટલાક વિસ્તારોમાં પાણીજન્ય રોગચાળાના છુટા છવાયા કેસો નોંધાવાની શરૂઆત થતાં જ રાજ્ય આરોગ્ય કમિશનરશ્રીની કચેરી દ્વારા આ માર્ગદર્શક સૂચનાઓ જારી કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં આગામી વરસાદી દિવસો દરમિયાન નવા રોપાઓની વાવણી કરાશે

સે-૩ સહીતના વિસ્તારમાં નવા રોપાઓની વાવણી માટે ખાડા ખોદાયા

ગાંધીનગર તા ૨૩

શહેરમાં આગામી વરસાદી દિવસો દરમિયાન નવા રોપાઓની વાવણી કરવા માટે આયોજન કરાયુ છે. દરવર્ષે નવા રોપાઓની વાવણીને અનુલક્ષી ખાડાઓ ખોદવામાં આવે છે. જો કે નવા વાવેતરને અનુલક્ષી હાલ ખાલી જગ્યા ઉપલબ્ધ ન હોવાથી આ વર્ષે માત્ર ત્રણ હજાર જેટલા જ રોપાઓની વાવણી કરાશે. આ માટે ખાડા પણ ખોદી રાખવામાં આવ્યા છે.

શહેરમાં આકરા ઉનાળામાં પ્રતિવર્ષ એડવાન્સ વોવેતર માટે વનતંત્ર દ્વારા ખાડા ખોદવામાં આવે છે. દર વર્ષે શહેરી વિસ્તારમાં વરસાદી દિવસો પુર્વે ખાડા ખોદીને વાવેતરનો લક્ષ્યાંક પુરો કરવામાં આવે છે. ગાંધીનગરને વધુ હરિયાળુ બનાવવા માટે પ્રતિવર્ષ ખાલી જગ્યાની ઉપલબ્ધી મુજબ નવા રોપાઓની વાવણીનુ આયોજન કરવામાં આવે છે. ગત વર્ષે પણ અંદાજિત ૨૦ હજાર જેટલા નવા રોપાઓની વાવણી કરવામાં આવી હતી. જયારે ગાંધીનગરમાં વન મહોત્સવની ઉજવણી અન્વયે પણ રોપાઓની વાવણી કરવામાં આવે છે. શહેરમાં વન આરક્ષિત જગ્યામાં પણ નવા રોપાઓની વાવણી અગાઉ કરી દેવામાં આવી છે. જયારે હાલ વન આરક્ષિત વિસ્તારમાં પણ અન્ય પ્રકારના રોપાઓનુ વાવેતર કરી રંગબેરંગી ફુલો નિખરે તેવુ આયોજન પણ કરાયુ હતુ. જયારે હવે દરવર્ષે વરસાદી દિવસોમાં નવા રોપાઓની વાવણીના અનુસંધાને તંત્રએ ખાલી જગ્યાનુ નિરિક્ષણ હાથ ધરવુ પડે છે. જેથી આગામી દિવસોમાં કયા વિસ્તારમાં કેટલુ આયોજન થઈ શકે તે મુજબ ખાડા ખોદવામાં આવે છે. આ વર્ષે પણ વરસાદી દિવસો દરમિયાન શહેરમાં ૩૨૦૦ જેટલા નવા રોપાઆની વાવણી કરાશે. સે-૩ તેમજ ગોકુલપુરા વિસ્તારની આસપાસ નવા રોપાઓની વાવણીના અનુસંધાને ખાડા ખોદી દેવાયા છે. વરસાદના આગમન સાથે રોપાઓની વાવણી પણ કરી દેવાશે.

હાજરી પુરાવવા માટે કર્મચારીઓ હવે સ્માર્ટ કાર્ડનો ઉપયોગ નહીં કરે

કોરોનાનો ચેપ ન લાગે તે માટે સ્માર્ટ કાર્ડ સ્વાઇપ નહીં કરવા સરકારનો નિર્ણય : હાલ પુરતી આ પધ્ધતિનો અમલ નહીં કરવા નિર્દેશ

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરમાં કોરોનાના અત્યાર સુધી ૧૯ કેસ નોંધાયા છે. આજે પણ જિલ્લામાં બે નવા કોરોનાના કેસ આવતા તંત્ર વધુ સાવધ બની ગયુ છે. લોકડાઉનની સ્થિતિ વચ્ચે છેલ્લા ચાર દિવસથી સરકારી કચેરીઓ શરૂ કરવામાં આવી છે. જયારે સરકારી કર્મચારીઓમાં પણ કોરોનાનો ચેપ ન લાગે તે માટે પણ જરૂરી સાવધાની રાખવા માટે નિયમોનુ પાલન કરવામાં આવી રહ્યુ છે. જયારે હવે સરકારી કર્મચારીઓની હાજરી માટે સ્માર્ટ કાર્ડની પધ્ધતિનો અમલ ન કરવા પણ સરકારે છુટ આપી છે. કાર્ડ સ્વાઇપ કરતી વેળાએ ચેપ લાગવાની શક્યતાને ટાળવા માટે પણ આ નિર્ણય લેવાયો છે.

કોરોના વાયરસની મહામારી વચ્ચે શહેરમાં છેલ્લા એક મહીનાથી લોકડાઉન છે. સેકટરોમાં લોકડાઉન અને ગરમીના પ્રભાવ વચ્ચે સન્નાટો છવાયેલો છે. જયારે પ્રથમ ૨૧ દિવસ બાદ બીજા તબક્કાના લોકડાઉનની જાહેરાત કરવામાં આવ્યા બાદ ગત તા ૨૦ એપ્રિલથી ગાંધીનગરમાં સરકારી કચેરીઓ કાર્યરત થઇ છે. જરૂર મુજબ કર્મચારીઓની હાજરી સાથે સરકારી કચેરીઓનુ કામ નિપટાવામાં આવી રહ્યુ છે. આવા સંજોગોમાં સરકારી કચેરીઓમાં હાજર રહેતા કર્મચારીઓ પણ કોરોના વાયરસના સંક્રમણનો ભોગ ન બને તે માટે જરૂરી તકેદારી રાખવામાં આવી રહી છે. સરકારી કચેરીઓમાં સેનેટાઇઝીંગ ટનલ , સેનેટાઇઝરની વ્યવસ્થા સહીત સોશિયલ ડીસ્ટન્સીંગ સહીતના નિયમોનુ પાલન કરવામાં આવી રહ્યુ છે. સરકારી કચેરીઓ શરૂ થયા બાદ કર્મચારીઓમાં કોરોના વાયરસનો ચેપ ન લાગે તે માટે સરકાર જાગૃત અને સજાગ છે. જયારે આ માટે હોટસ્પોટ વિસ્તારમાંથી કોઇપણ કર્મચારીઓને ફરજ પર ન બોલવવા માટે પણ નિર્ણય લેવાયો છે. જયારે હવે કર્મચારીઆની હાજરી મામલે સ્માર્ટ કાર્ડના આધારે હાજરી ન પુરવાનો પણ નિર્ણય લેવાયો છે. આજે જ આ મામલે સરકારે કર્મચારીઓની સ્માર્ટ કાર્ડથી હાજરી ન લેવા માટે આદેશ જારી કર્યો છે. જયારે સ્માર્ટ કાર્ડ સ્વાઇપ કરવાથી પણ કોરોનાનો ચેપ લાગવાની શક્યતા હોવાથી આ મામલે સરકારે ગંભીર વિચારણા કરી આ મામલે કર્મચારીઓને છુટ આપી છે.

ગેરકાયદેસર આડશ - સેક્ટર-૪એ વિસ્તારમાં રહીશોએ ગેરકાયદેસર રીતે આડશ ઉભી કરી માર્ગ બંધ કરી દીધો છે. સેક્ટર-૪/એ, ગ-૧ પાસે સેક્ટરના આંતરિક માર્ગ પર રહીશોએ બે દિવસથી આડશ ઉભી કરી માર્ગ બંધ કરી દેતા બીજા રહીશોને લોકડાઉન દરમિયાન દૂધ કે જીવન જરૂરી ચીજવસ્તુની ખરીદી કરવા અવરજવર માટે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી તરફ જો આ વિસ્તારમાં કોઈ ઈમરજન્સી આવી પડે તો કોઈ સરકાર વાહનો બીજા વિસ્તારમાં જઈ શકે તેવી પરિસ્થિતિ જ નથી. જેથી આજુબાજુના રહીશોએ આ આડશ તાત્કાલિક દૂર થાય તેવું તંત્ર પાસે ઈચ્છી રહ્યા છે.

સે-૧૪ના ખાનગી રહેણાંક વિસ્તારમાં ડહોળુ પાણી આવતુ હોવાનો કકળાટ

ડહોળા પાણીની ફરિયાદના પગલે આજે તંત્ર નમુના લઇ તપાસ હાથ ધરશે

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરમાં કોરોનાના કહેર વચ્ચે લોકડાઉનની સ્થિતિમાં ગરમીએ પણ મિજાજ બતાવતા નાગરિકો ઘરમાં જ પુરાયેલા રહેવાનુ પસંદ કરી રહ્યા છે. બીજીતરફ આકરી ગરમીમાં પાણીનો ઉપયોગ પણ વધી ગયો છે. ત્યારે શહેરના સેકટરોમાં ફોર્સથી પાણી ન આવતુ હોવાની ફરિયાદો સાથે હવે ડહોળુ પાણી આવતુ હોવાનો કકળાટ પણ ઉઠવા પામ્યો છે. શહેરના સે-૧૪ માં છેલ્લા બે દિવસથી ડહોળુ પાણી આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. તંત્રએ આ અંગે તપાસ હાથ ધરીને આજે પાણીના સેમ્પલની ચકાસણી કરશે. સ્થાનિકોની ફરિયાદોને ડામવા માટે ડહોળા પાણીની સમસ્યાનુ મુળ શોધવામાં આવશે.

શહેરમાં હાલ આકરી ગરમીની મોસમ નિખરી છે. કોરોનાની મહામારી વચ્ચે શહેરમાં લોકડાઉનની સ્થિતિ યથાવત છે. ઘરમાં રહેતા નાગરિકો વારંવાર હાથ ધોવાની સાથે ગરમીથી બચવા માટે પણ પાણીનો વિશેષ ઉપયોગ કરે છે. આવા સંજોગોમાં શહેરમાં પાણીનો વપરાશ પણ વધ્યો છે. જયારે બીજીતરફ શહેરમાં પાણીની ગુણવત્તા સામે પણ પ્રશ્ન મંડરાયો છે. શહેરમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાની પોકાર અનેકવાર ઉઠવા પામે છે. જયારે સેકટરોમાં પાણી ડહોળુ આવતુ હોવાની ફરિયાદો પણ વારંવાર કકળાટનુ કારણ બને છે. હાલ એકબાજુ કોરોના કહેર વચ્ચે કમળાના કેસ પણ ધ્યાને આવી રહ્યા છે. ત્યારે પાણીની ગુણવત્તા મામલે નાગરિકો વધુ સજાગ બન્યા છે. શહેરના સે-૧૪ છેલ્લા બે દિવસથી પાણી ડહોળુ આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. સ્થાનિકોએ આ વિસ્તારમાં ડહોળુ પાણી આવતુ હોવાનો વિડીયો પણ ફેસબુક પુર મુક્યો છે. ગઈકાલે તંત્ર દ્વારા આ વિસ્તારમાંથી નમુના લેવાયા હતા. જો કે પાણી પીવાલાયક હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. આવતીકાલે પણ સે-૧૪ના ખાનગી રહેણાંક વિસ્તારમાંથી પાણીના નમુના લેવામાં આવશે. જયારે નમુનાની ચકાસણીના અંતે આગળ ફોલ્ટ રીપેર કરવા માટે પણ કામગીરી હાથ ધરાશે. સેકટરોમાં વારંવાર ડહોળુ પાણી આવતુ હોવાનો કકળાટ ઉઠવા પામે છે. ત્યારે હાલ એકબાજુ કમળાના કેસ પણ નોંધાતા તંત્ર પાણીની ગુણવત્તાના મામલે વધુ સજાગ બને તેવી પણ માંગ ઉઠવા પામી છે. સે-૧૪ માં તંત્ર દ્વારા હજુ પણ પાણીના નમુના લઈ સ્થાનિકોની ફરિયાદનુ નિરાકરણ લાવવા માટે કામગીરી હાથ ધરાશે.

નિકાસલક્ષી ઉદ્યોગો ૨૫મીથી શરૂ થશે

નિકાસલક્ષી ઉદ્યોગ એકમોને આર્થિક આધાર આપતો મોટો નિર્ણય : ગુજરાતમાં ૩૫ હજાર ઉદ્યોગો કાર્યરત કરી દેવામાં આવ્યા છે : ૩.૨૫ લાખ શ્રમિક-મજુરોને રોજી રોટી શરૂ : ૩૪૦ કરોડ રૂપિયા બેંક ખાતાઓમાં જમા

ગાંધીનગર, તા.૯

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કોરોના વાયરસની સંક્રમણની સ્થિતીમાં જાહેર થયેલા લોકડાઉન દરમ્યાન રાજ્યના એકસપોર્ટ ઓરિએન્ટેડ ઊદ્યોગ એકમોને આર્થિક આધાર આપતો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આ સંદર્ભમાં તેમણે એવા દિશાનિર્દેશો આપ્યા છે કે, રાજ્યમાં જે ઊદ્યોગ એકમો નિકાસ-એકસપોર્ટ કરતા હોય અને જેમની પાસે નિકાસ-એકસપોર્ટના ઓર્ડર્સ હાથ પર છે તેવા ઊદ્યોગ એકમો આગામી શનિવાર તા.૨૫મી એપ્રિલથી શરૂ કરી શકાશે. મુખ્યમંત્રીના આ નિર્ણયની ભૂમિકા મુખ્યમંત્રીના સચિવશ્રીએ આપી હતી. તેમણે આ અંગે વધુમાં જણાવ્યું કે, આવા એકસપોર્ટ કરતા ઊદ્યોગ એકમો કે જેની પાસે એકસપોર્ટના ઓર્ડર પેન્ડીંગ હોય તેવા ઊદ્યોગો મ્યુનિસિપલ લિમિટમાં હોય પરંતુ કન્ટેઈનમેન્ટ વિસ્તાર બહાર કાર્યરત હોય તેમને પણ એકમ પૂનઃ શરૂ કરવા પરવાનગી અપાશે. આ હેતુસર, આવા ઊદ્યોગ એકમોએ સંબંધિત જિલ્લા કલેકટરને અરજી કરીને પરવાનગી મેળવવાની રહેશે તેમજ સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવા સહિતના કોરોના સંક્રમણ નિયંત્રણ માટેની સુરક્ષા-સલામતિની ગાઈડલાઈન્સના નિયમો પણ જાળવવા પડશે એવી પણ મુખ્યમંત્રીએ સ્પષ્ટ સૂચનાઓ આપી છે તેમ પણ અશ્વિનીકુમારે જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ રાજ્યના અંત્યોદય, ગરીબ વર્ગના ૬૬ લાખ પરિવારો જે દ્વહ્વજીછ અન્વયે દર મહિને સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનોએથી અનાજ મેળવવા પાત્રતા ધરાવે છે તેવા લોકો-પરિવારો માટે વધુ એક સંવેદનશીલ નિર્ણય કર્યો છે. વિજયભાઈ રૂપાણીએ નિર્ણય કર્યો છે કે, આવા ૬૬ લાખ કાર્ડધારકો-પરિવારોના ૩.૨૫ કરોડ લોકોને આગામી શનિવાર, તા. ૨૫ એપ્રિલ-૨૦૨૦થી વ્યકિતદીઠ ૩.૫૦ કિલો ઘઉં અને ૧.૫૦ કિલો ચોખા વિનામૂલ્યે રાજ્ય સરકાર તરફથી વિતરણ કરાશે.

ઊદ્યોગ એકમોએ સંબંધિત જિલ્લા કલેકટરને અરજી કરીને પરવાનગી મેળવવાની રહેશે

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com